# PROVISIONAL ANSWER KEY

**NAME OF THE POST :**

1) Dy. Director, Gujarat ICDS, Class-I (ALL) (Advt. No. : 54/2016-17)

2) Dy. Director, Class-I, (Schedule Cast Welfare) (AML)
(Advt. No. : 57/2016-17)

DATE OF PRELIMINARY TEST : 15/01/2017

SUBJECT : GENERAL STUDY (Que. 001 to 100)

001. ચન્દ્રગુપ્ત મૌર્યએ પશ્ચિમ ભારત (સૌરાષ્ટ્ર) પર વિજય પ્રાપ્ત કરેલ હતો તેની નીચે દર્શાવેલ કયા શિલાલેખના લખાણમાં સાબિતી મળે છે ?

(A) રૂદ્રદામનનો જૂનાગઢમાં આવેલ શિલાલેખ
(B) અશોકનો ગિરનારમાં આવેલ શિલાલેખ
(C) અશોકનો સોપરાનો શિલાલેખ
(D) કલિંગ શિલાલેખ

002. ગુજરાતના નીચે દર્શાવેલ શાસકોની કાળક્રમાનુસાર ગોઠવણી કરો.

(1) મૌર્ય યુગ (2) સોલંકી યુગ (3) ગુપ્ત યુગ (4) વાઘેલા યુગ

(A) 1, 4, 2, 3
(B) 1, 3, 2, 4
(C) 1, 2, 4, 3
(D) 1, 3, 4, 2

003. કોંગ્રેસના પ્રથમ મહિલા પ્રમુખ કોણ હતા ?

(A) શ્રીમતી એની બેસન્ટ
(B) શ્રીમતી સરોજીની નાયડુ
(C) શ્રીમતી નેલી સેનગુપ્તા
(D) અરૂણા અસફ અલી

004. હર બિલાસ શારદા એક કાયદાના (જે શારદા એક્ટ તરીકે ઓળખાય છે) ઘડવૈયા હતા, તે કાયદો કયો હતો ?

(A) વિધવા પુનઃલગ્ન કાયદો
(B) હિન્દુ સ્ત્રી વારસાધારો
(C) બાળલગ્ન પ્રતિબંધક ધારો, 1929
(D) હિન્દુ સિવિલ મેરેજ એક્ટ

005. હિંદ છોડો ચળવળમાં નીચેની કઈ પાર્ટીએ સહકાર આપ્યો ન હતો ?

(A) ધી હિન્દુ મહાસભા
(B) ધી કોમ્યુનીસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા
(C) ધી યુનીયનીસ્ટ પાર્ટી ઈન પંજાબ
(D) ઉપરની ત્રણેય પાર્ટી

006. અંગ્રેજોએ ગુજરાતમાં સીધુ શાસન કરેલ હોય તેવું કયુ રાજ્ય હતું ?

(A) બ્રોચ (ભરૂચ)
(B) કાઠિયાવાડ
(C) કચ્છ
(D) દાદરા અને નગર હવેલી

007. કયા મુઘલ રાજવીએ ગુજરાતમાં મુઘલ સામ્રાજ્યની સ્થાપના કરી ?

(A) હુમાયુ
(B) બાબર
(C) અકબર
(D) શાહજહાં

008. ઈ.સ. 1802 માં સૂરત આપીને બ્રિટીશ સામ્રાજ્યમાં જોડાવાની સંધિ કોણે કરી હતી ?

(A) દામાજી ગાયકવાડ
(B) મોરારજી દેસાઈ
(C) આનંદરાવ ગાયકવાડ
(D) ઉપર પૈકી એક પણ નહીં

009. કયા યુગ દરમ્યાન ઈરાનના જરથોસ્તીઓ પોતાના ધર્મને બચાવવા વતન છોડીને ગુજરાતમાં સંજાણ બંદરે આવીને વસ્યા અને પારસી તરીકે જાણીતા થયા ?

(A) ગુપ્ત યુગ
(B) મૈત્રક યુગ
(C) અનુમૈત્રક યુગ
(D) સોલંકી યુગ

010. કયા રાજવીના શાસનકાળ દરમ્યાન છત્રપતિ શિવાજીએ બે વખત સૂરતમાં લૂંટ ચલાવી હતી ?

(A) શાહજહાં
(B) ઔરંગઝેબ
(C) અકબર
(D) સુલતાન મુઝફ્ફરશાહ

011. ઈ.સ. 1407 માં બીરપુરમાં ગુજરાતના સ્વતંત્ર મુસ્લિમ શાસનકાળની સ્થાપના કોણે કરી હતી ?

(A) કુતુબુદ્દીન એહમદશાહ
(B) ગિયાસુદીન મહંમદશાહ
(C) નસીરૂદ્દીન
(D) મુઝફ્ફરશાહ પહેલો

012. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વેપારના હક્કો નીચે દર્શાવેલ કયા કાયદાથી નાબૂદ કરવામાં આવ્યા ?

(A) રેગ્યુલેટીંગ એક્ટ, 1773
(B) ચાર્ટર એક્ટ, 1813
(C) ચાર્ટર એક્ટ, 1833
(D) ચાર્ટર એક્ટ, 1853

013. સમાનતાના હકની બાબતમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) સમાનતાનો હક એટલે કોઈ વ્યક્તિ કે વર્ગની તરફેણમાં વિશેષાધિકારનો ભંગ.

(B) સમાન સંજોગોમાં કાયદાનો વ્યવહાર સમાન લાગુ પડે છે.

(C) સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ કાયદાકીય જોગવાઈઓ લિંગના આધારે ભેદભાવ ગણાશે નહીં.

(D) સમાજમાં ભેદભાવો ઉભા કરતા ઈલકાબો અને ખિતાબોથી આ હકનો ભંગ થતો નથી.

014. ડૉ. બાબાસાહેબ આંબેડકરે બંધારણીય ઈલાજોના હકને "બંધારણના આત્મા સમાન" કહ્યો છે, જેના ભંગ બદલ ...

(1) સીધા જ વડી અદાલતમાં દાદ માંગી શકાય છે.

(2) વડી અદાલતના ચુકાદા બાદ સર્વોચ્ચ અદાલતમાં દાદ માંગી શકાય છે.

(3) સીધા જ વડી અદાલત કે સર્વોચ્ચ અદાલતમાં દાદ માંગી શકાય છે.

- આ ત્રણ પૈકી કયું વિધાન સાચું છે ?

(A) 1 (B) 3

(C) 1, 2 (D) 2, 3

015. ગ્રામ પંચાયતોની સ્થાપના કરવા માટે રાજ્ય પગલાં ભરશે એવું બંધારણના કયા અનુચ્છેદમાં દર્શાવવામાં આવેલું છે ?

(A) અનુચ્છેદ 39 (B) અનુચ્છેદ 39 A

(C) અનુચ્છેદ 40 (D) અનુચ્છેદ 41

016. 6 વર્ષ સુધીની ઉંમરના બાળકો માટે સંભાળ કાળજી અને શિક્ષણની જોગવાઈ રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોમાં અનુચ્છેદ-45 માં દર્શાવેલ છે, તે જોગવાઈ કઈ તારીખથી અમલમાં આવેલ છે ?

(A) તા. 1-4-2010 (B) તા. 1-1-2010

(C) તા. 1-4-2011 (D) તા. 1-1-2011

017. કયા બંધારણીય સુધારાથી ભારતના બંધારણમાં મૂળભૂત ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) 42 મા (B) 43 મા

(C) 44 મા (D) 45 મા

018. ભારતના બંધારણમાં ભારતના દરેક નાગરિક માટે કુલ કેટલી મૂળભૂત ફરજો દર્શાવી છે ?

(A) 10 (B) 12

(C) 11 (D) 14

019. નીચેનામાંથી કોનો સમાવેશ સંસદમાં થતો નથી ?

(A) લોકસભા (B) રાજ્યસભા

(C) રાષ્ટ્રપતિ (D) ઉપરાષ્ટ્રપતિ

020. ઉચ્ચતમ ન્યાયાલયના કોઈ ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવાના સંબંધમાં શું સાચું છે ?

(1) સાબિત થયેલા ગેરવર્તણૂક અથવા અપાત્રતાને કારણે હોદ્દા પરથી દૂર કરી શકાય.

(2) આ રીતે હોદ્દા પરથી દૂર કરવા માટે સંસદના દરેક ગૃહે તે ગૃહની કુલ સભ્યસંખ્યાની બહુમતી તથા તે ગૃહના હાજર રહીને મત આપનારા ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યોની બહુમતીના ટેકાવાળું નિવેદન રાષ્ટ્રપતિને એક જ સત્રમાં રજૂ કરવાનું રહેશે.

(3) રાષ્ટ્રપતિશ્રી તે વિચારણામાં લઈને કાયદા મંત્રાલયને હુકમ કરવા માટે જણાવશે.

(4) ક્રમ (2)નું નિવેદન મળ્યા પછી રાષ્ટ્રપતિશ્રી હુકમ કરીને ન્યાયાધીશને તેમના હોદ્દા પરથી દૂર કરશે.

(A) 1, 2 (B) 1, 2, 3

(C) 1, 2, 4 (D) 2, 3, 4

021. ભારતના નિયંત્રણ મહાલેખા પરીક્ષક - (Comptroller and Auditor General)

(1) રાષ્ટ્રપતિ દ્વારા નિમવામાં આવે છે.

(2) તેઓનો પગાર સંસદના કાયદાથી નિયત થાય છે.

(3) ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશને જે રીતે અને જે કારણે હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવે તે રીતે અને તે કારણે તેમને હોદ્દા પરથી દૂર કરી શકાશે.

(4) હોદ્દો ધરાવતા બંધ થયા પછી ભારત સરકાર હેઠળના અથવા તો કોઈ રાજ્ય સરકાર હેઠળના બીજા કોઈ હોદ્દા માટે પાત્ર ગણાશે.

- આ ચાર જોગવાઈ પૈકી કઈ જોગવાઈ બંધારણમાં દર્શાવેલ જોગવાઈ સાથે સુસંગત નથી ?

(A) 1, 2, 3
(B) 2
(C) 3
(D) 4

022. ભારતના એટર્ની જનરલ વિશે નીચેનામાંથી કયુ વિધાન ખોટું છે ?

(A) તે ભારત સરકાર વિરુદ્ધ કેસ લડી શકતા નથી.
(B) તે ભારત સરકારની મંજૂરી વિના કોઈ કંપની કે પરિષદના સલાહકારનું પદ ધારણ કરી શકતા નથી.
(C) સંસદની બેઠકમાં ભાગ લઈ શકે છે.
(D) સંસદની બેઠકમાં મત આપી શકતા નથી.

023. નીતિ આયોગના કાયમી સભ્યોમાં સ્થાન પામનાર રમેશ ચંદ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા છે ?

(A) અર્થશાસ્ત્ર
(B) કૃષિ
(C) સમાજશાસ્ત્ર
(D) સામાજિક ન્યાય

024. લોકસભાનું સત્ર બોલાવવું અને સત્ર સમાપ્ત કરવું તે અધિકાર કોનો છે ?

(A) લોકસભાના સ્પીકર
(B) રાષ્ટ્રપતિ
(C) વડાપ્રધાન
(D) સંસદીય બાબતોના મંત્રી

025. વર્ષ 2014 માં ગાંધી શાંતિ ઈનામ કોને મળેલ હતું ?

(A) ભારતીય અવકાશ સંશોધન સંસ્થા
(B) શ્રી અટલ બિહારી વાજપેયી
(C) ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ
(D) ઉપર પૈકી કોઈ પણ નહીં

026. દારૂ અને નશીલી દવાનું સેવન કરનાર વ્યક્તિઓને સહાયભૂત થવા ભારત સરકારે 2015 માં ટોલ ફ્રી હેલ્પલાઈન શરૂ કરી છે, તે નીચે પૈકી કઈ છે ?

(A) નં. 1800-11-0032
(B) નં. 1800-11-0031
(C) નં. 1800-11-0030
(D) નં. 1800-11-0034

027. ભારત સરકારે "યોગ"ને રમતગમતની શાખા તરીકે કયા વર્ષમાં માન્યતા આપી ?

(A) વર્ષ 2013
(B) વર્ષ 2014
(C) વર્ષ 2015
(D) વર્ષ 2016

028. નીચે દર્શાવેલ નોબેલ પ્રાઈઝ મેળવનાર વ્યક્તિઓ અને તેમની સામે દર્શાવેલ ક્ષેત્રને વિચારણામાં લઈને ચાર વિકલ્પો પૈકી કયો વિકલ્પ ખોટો છે તે જણાવો.

(A) શ્રી સુબ્રમણ્યમ્ ચન્દ્રશેખર - રસાયણ શાસ્ત્ર
(B) શ્રી હરગોવિંદ ખુરાના - તબીબીશાસ્ત્ર (Medicine)
(C) શ્રી ચન્દ્રશેખર વેંકટરામન - ભૌતિકશાસ્ત્ર
(D) શ્રી વેંકટરામન રામક્રિશ્નન - રસાયણશાસ્ત્ર

029. નીચે દર્શાવેલ વ્યક્તિઓ પૈકી કોને ભારતરત્ન એવોર્ડ મળેલ નથી ?

(A) શ્રી ચક્રવર્તી રાજગોપાલાચારી
(B) શ્રી મોરારજી રણછોડભાઈ દેસાઈ
(C) શ્રી પંડિત રવિશંકર
(D) ડૉ. ડી. વિરેન્દ્ર હેગડે

030. ભારત-નેપાળ અને ભારત-ભૂતાનની સરહદ પર સુરક્ષાની કામગીરી બજાવનાર દળને કયા નામથી ઓળખવામાં આવે છે ?
(A) બોર્ડર સીક્યોરીટી ફોર્સ
(B) નેશનલ સીક્યોરીટી ગાર્ડ
(C) સુરક્ષા સીમા બળ
(D) રેપીડ એક્શન ફોર્સ

031. મુંબઈ વડી અદાલતના ક્ષેત્રાધિકાર (Jurisdiction) માં કોનો સમાવેશ થાય છે ?
(A) મહારાષ્ટ્ર
(B) ગોવા
(C) દમણ અને દીવ, દાદરા અને નગર હવેલી
(D) ઉપર ત્રણેય વિકલ્પમાં દર્શાવેલ

032. હાલમાં ભારતમાં કેટલી વડી અદાલતો આવેલી છે ?
(A) 24
(B) 29
(C) 32
(D) 35

033. નીચે દર્શાવેલ સ્તૂપ પૈકી કયો સ્તૂપ ગાંધાર શૈલીમાં બાંધવામાં આવેલ છે ?
(A) સારનાથ - ધર્મરાજિકા સ્તૂપ
(B) લોરિયા - નંદનગઢ સ્તૂપ
(C) તક્ષશિલા - ધર્મરાજિકા સ્તૂપ
(D) નાગાર્જુન - કૌંડાનો સ્તૂપ

034. ઔરંગાબાદ ખાતે આવેલ અજંતા-ઈલોરાની ગુફાઓ અને મુંબઈ ખાતેની એલીફન્ટાની ગુફાઓ ગુફાસ્થાપત્યના પ્રસિદ્ધ નમૂનાઓ ગણાય છે, જે નીચે દર્શાવેલ પૈકી કોના સમયમાં બંધાયેલ છે ?
(A) ગુપ્તકાળ
(B) સાતવાહન વંશ
(C) અનુમૌર્યયુગ
(D) મૌર્યયુગ

035. કયું મંદિર કાળા પેગોડાના નામે ઓળખાય છે ?
(A) બ્રુહદેશ્વર મંદિર
(B) મોઢેરાનું સૂર્યમંદિર
(C) કોણાર્કનું સૂર્યમંદિર
(D) હજાર-રામ મંદિર

036. દ્રવિડ કુળની નીચે દર્શાવેલ ચાર ભાષાઓ પૈકી સૌથી પ્રાચીન ભાષા કઈ છે ?
(A) તેલુગુ
(B) કન્નડ
(C) મલયાલમ
(D) તામિલ

037. મોગલ બાદશાહ બાબરે "તુઝકે બાબરી" નામની પોતાની આત્મકથા કઈ ભાષામાં લખી હતી ?
(A) અરબી
(B) તુર્કી
(C) ફારસી
(D) ઊર્દૂ

038. નીચેના વિકલ્પો પૈકી કયો વિકલ્પ ખોટો છે ?
(A) અશ્વઘોષ - બુદ્દકચરિત
(B) પાલિની - અષ્ટાધ્યાયી
(C) કાલિદાસ - રઘુવંશ
(D) હુમાયુનામા - અકબર

039. વરાહમીહિરે લખેલ "બૃહદસંહિતા"ની બાબતમાં નીચે પૈકી કયા વિધાનો સાચા છે ?
(1) આકાશી ગ્રહો અને તેની મનુષ્ય પર અસરની વિગત છે.
(2) મનુષ્યના લક્ષણોનું વર્ણન છે.
(3) ભૂગર્ભજળનો પત્તો લગાવવાના માર્ગદર્શક મુદ્દાઓ છે.
(4) લગ્નસ્થળ, તળાવો, કૂવાઓ, ખેતરમાં વાવણી વગેરે પ્રસંગના મુહૂર્તોની વિગત છે.
(A) 1, 2, 3
(B) 1, 2, 3, 4
(C) 2, 3, 4
(D) 1, 3, 4

040. અકબરે તેના દરબારના નવરત્નો, કલાકારો, વિદ્વાનો અને તત્ત્વચિંતકોને કયા શહેરમાં આશ્રય આપ્યો હતો ?
(A) દિલ્લી
(B) આગ્રા
(C) ફતેહપુર સિક્રી
(D) અલ્હાબાદ

041. નીચે દર્શાવેલ તહેવારોની જોડમાં કયો વિકલ્પ સાચો નથી ?

(A) પોંગલ - તામિલનાડુ
(B) ગણગોર - બિહાર
(C) ઓનમ - કેરલ
(D) બિહુ - આસામ

042. મહેસાણા જિલ્લાના ઉમતા ગામની વચ્ચે આવેલા ટેકરાનું ખોદકામ કરતા તેમાંથી જૈન તીર્થંકરો, દેવ -દેવીઓની અતિ પ્રાચીન મૂર્તિઓ મળી આવી હતી, જે પુરાતત્ત્વ વિભાગને કયા કાનૂનની જોગવાઈ અંતર્ગત સોંપવામાં આવેલ છે ?

(A) પુરાતત્ત્વીય અથવા અતિ મૂલ્યવાન કલાકૃતિઓનો કાયદો, 1972
(B) પ્રાચીન સ્મારકો, પુરાતત્વીય સ્થળો અને અવશેષોને લગતો કાયદો, 1958
(C) ભારતીય નિધિ વ્યાપાર કાનૂન, 1876
(D) ઉપર પૈકી એક પણ નહીં

043. આપણા પ્રાકૃતિક વારસાની જાળવણીના સંદર્ભમાં કયા વર્ષમાં ભારતીય વન્ય જીવો માટે બોર્ડની રચના કરવામાં આવી ?

(A) ઈ.સ. 1952
(B) ઈ.સ. 1956
(C) ઈ.સ. 1972
(D) ઈ.સ. 1962

044. ભારતમાં આવેલા વિશ્વવારસાના સ્થળોમાં ગુજરાતના નીચે દર્શાવેલા કયા સ્થળોનો સમાવેશ થાય છે, તે આધારે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) સૂર્યમંદિર - મોઢેરા
(2) ચાંપાનેર - પાવાગઢ
(3) સીદી સૈયદની જાળી - અમદાવાદ
(4) સરખેજનો રોજો - અમદાવાદ

(A) 1, 2
(B) 1, 2, 3
(C) 1, 3, 4
(D) 1, 2, 3, 4

045. ખદર અને બાંગર એ કયા પ્રકારની જમીન છે ?

(A) કાળી જમીન
(B) પડખાઉ જમીન
(C) કાંપની જમીન
(D) રાતી જમીન

046. તલ દક્ષિણ ભારતમાં કયા પાક તરીકે ઊગાડવામાં આવે છે ?

(A) ખરીફ પાક
(B) રવિ પાક
(C) જાયદ પાક
(D) ખરીફ પાક અને રવિ પાક

047. ભારતમાં કેટલા પરમાણુ વિદ્યુતમથકો છે ?

(A) 4
(B) 5
(C) 6
(D) 7

048. ભારતમાં બાયોગેસના ઉત્પાદનમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?

(A) ઉત્તરપ્રદેશ
(B) મહારાષ્ટ્ર
(C) રાજસ્થાન
(D) ગુજરાત

049. ભારતમાં કયા દશકામાં વસ્તીવધારાના દરમાં ઘટાડો થયો હતો ?

(A) 1901 થી 1911
(B) 1911 થી 1921
(C) 1951 થી 1961
(D) 2001 થી 2011

050. 2011 ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં સાક્ષરતાનો દર કેટલો છે ?

(A) 69%
(B) 68%
(C) 73%
(D) 71%

051. ભારતના બધા રાજ્યો પૈકી કયા રાજ્યમાં પુરુષ અને સ્ત્રીઓનો સાક્ષરતા દર સૌથી ઓછો છે ?

(A) રાજસ્થાન
(B) બિહાર
(C) ઝારખંડ
(D) જમ્મુ અને કાશ્મિર

052. 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં કયા જિલ્લામાં 1000 પુરુષ દીઠ મહિલાઓનું પ્રમાણ સૌથી ઓછું છે ?
(A) ગાંધીનગર
(B) આણંદ
(C) ભરૂચ
(D) સૂરત

053. અગ્રતાક્ષેત્રોને ધિરાણ (Priority Sector Lending) ના વર્તમાન ધોરણો કઈ સમિતિની ભલામણોના આધારે નિર્ધારીત કરાયેલા છે ?
(A) ઉર્જિત પટેલ સમિતિ
(B) રંગરાજન સમિતિ
(C) યશ વાડેરા સમિતિ
(D) લીલી વાડેરા સમિતિ

054. બજેટ દરમ્યાન વિવિધ પ્રકારની ખાધ (Deficits) ચર્ચામાં રહેતી હોય છે. કુલ ખર્ચમાંથી મહેસૂલી આવક અને દેવું ઊભું ન કરતી મૂડી-આવકો બાદ કરતા કઈ ખાધ પ્રાપ્ત થાય ?
(A) રાજકોષીય ખાધ
(B) પ્રાથમિક ખાધ
(C) મહેસૂલી ખાધ
(D) અંદાજપત્રીય ખાધ

055. રાજકોષીય ખાધમાંથી ભૂતકાળમાં લીધેલી લોનો પરનું ચૂકવેલ વ્યાજ બાદ કરતા કઈ ખાધ મળે ?
(A) અંદાજપત્રીય ખાધ
(B) પ્રાથમિક ખાધ
(C) અસરકારક મહેસૂલી ખાધ
(D) મહેસૂલી ખાધ

056. ભારતમાં નીલી ક્રાંતિના નિયોજક (Architect of Blue Revolution) કોણ ગણાય છે ?
(A) એમ. એસ. સ્વામીનાથન
(B) હિરાલાલ ચૌધરી
(C) વર્ગીસ કુરિયન
(D) શામળભાઈ ખારવા

057. "ગાડગીલ ફોર્મ્યુલા" નીચે પૈકી શાની સાથે સંબંધિત છે ?
(A) ગરીબી રેખાનું નિર્ધારણ
(B) નાણાકીય ખાધનું નિર્ધારણ
(C) રાજ્યો વચ્ચે વિત્તીય સંસાધનોની વહેંચણી
(D) રીઝર્વ બેંક દ્વારા બેંકીંગ ક્ષેત્રમાં સુધારા માટેના પગલાઓ લેવા વપરાતી ફોર્મ્યુલા

058. અર્થતંત્રની વિવિધ સ્થિતિઓ પૈકી એક 'સ્ટેગફ્લેશન' (stagflation) છે. નીચે પૈકી કયું લક્ષણ તેનું છે ?
(A) ખૂબ જ ઊંચા દરે ફુગાવો
(B) ઊંચા દરે ફુગાવો અને નીચા દરે બેરોજગારી
(C) ઊંચા દરે ફુગાવો અને ઊંચા દરે બેરોજગારી
(D) નીચા દરે ફુગાવો અને ઊંચા દરે બેરોજગારી

059. આયાતિત વસ્તુ (Imported Goods) નો ભાવ તેના ઉત્પાદનના દેશમાં પ્રચલિત ભાવ કરતા પણ ઓછો હોય ત્યારે તેને શું કહેવાય ?
(A) આયાત વર્ધન (Added Import)
(B) ડમ્પિંગ (Dumping)
(C) શિકારી-ભાવ (Price-Hunting)
(D) કાઉન્ટર વેઈલિંગ (Countervailing)

060. માનવવિકાસ સૂચકઆંકના નિર્ધારકોમાં નીચેનામાંથી કયું પરિમાણ સમાવિષ્ટ નથી ?
(A) અપેક્ષિત આયુષ્ય
(B) શિક્ષણ
(C) બાળમૃત્યુ દર
(D) માથાદીઠ આવક

061. ભારત ડિપોઝીટરી રિસીપ્ટ શું છે ?
(A) ભારતીય બેંકો દ્વારા થાપણદારોને આપવામાં આવતા પ્રમાણપત્રો
(B) ભારતની કોઈપણ બેંક દ્વારા ફિક્સ્ડ ડિપોઝીટ કરનારને અપાતું પ્રમાણપત્ર
(C) રિઝર્વ બેંક દ્વારા બહાર પાડવામાં આવેલ એક શેર સર્ટીફિકેટ
(D) વિદેશી કંપનીઓ દ્વારા ભારતમાં પોતાના શેર વેચવામાં આવે ત્યારે તેવા ખરીદનારને મળતા પ્રમાણપત્રો

062. “સોચ કર, સમજ કર ઈન્વેસ્ટ કર” - આ સ્લોગન કોનું છે ?

(A) રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા
(B) સેબી (SEBI)
(C) કોટક મહિન્દ્રા મ્યુચ્યલ ફંડ
(D) બિરલા સનલાઈફ મ્યુચ્યલ ફંડ

063. નીચે પૈકી કયા કાયદા હેઠળ રિઝર્વ બેંક વાણિજ્ય બેંકોનું નિયમન કરે છે ?

(A) બેંકીંગ રેગ્યુલેશન એક્ટ, 1949
(B) રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા એક્ટ, 1934
(C) કોમર્શિયલ બેંક (રેગ્યુલેશન) એક્ટ, 1949
(D) ઉપરોક્ત પૈકી કોઈ પણ નહીં

064. વિકાસશીલ અર્થતંત્રની બાબતમાં નીચેના વિધાનો પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) માથાદીઠ આવક નીચે હોય છે.
(B) ખેતીનો ફાળો રાષ્ટ્રીય આવકમાં 70 ટકા કે તેથી વધારે હોય છે.
(C) ઉત્પાદનના સાધનોનો પૂરેપૂરો તેમજ યોગ્ય ઉપયોગ થતો નથી.
(D) વસ્તી વૃદ્ધિનો વાર્ષિક દર બે ટકાથી ઓછો હોય છે.

065. વૈશ્વિકીકરણની નીતિમાં નીચેની કઈ બાબતનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(1) વિદેશી હુંડિયામણ નિયમન ધારો હળવો બનાવવામાં આવ્યો છે.
(2) ઉચ્ચ અગ્રિમતાવાળા ઉદ્યોગોમાં વિદેશી મૂડીરોકાણની મર્યાદા 40% થી વધારીને 51% કરવામાં આવી છે.
(3) 51% વિદેશી મૂડી રોકાણ થઈ શકે તેવા ઉદ્યોગોની સંખ્યા 34 ની નક્કી કરવામાં આવી છે.
(4) બેંકીંગ ક્ષેત્રે વિદેશી મૂડી 40% અને હોટલ તથા ટુરીઝમમાં વિદેશી મૂડી 100% આવકારવાની છૂટ આપી છે.
(5) દેશની માર્કેટીંગ પ્રવૃત્તિઓમાં વિદેશી કંપનીઓની ભાગીદારી આવકારવામાં આવી છે.

(A) 2, 4
(B) 1, 2, 3, 4, 5
(C) 1, 2, 3, 5
(D) 2, 3, 4

066. 

આ નિશાની શું સૂચવે છે ?

(A) એક માર્ગીય સંકેત
(B) બંને સાઈડ માટે રસ્તો બંધ
(C) સાઈડ કાપવાની મનાઈ
(D) ઉપર પૈકી એક પણ નહીં

067. નીચે આપેલ (A) થી (E) પરના ચિત્રો, પ્રારંભના ચિત્ર (A) માં થતા ક્રમિક - તાર્કિક ફેરફાર દર્શાવે છે, જો તે જ ક્રમિક તાર્કિક ફેરફારને અનુસરવામાં આવે તો (1) થી (5) પૈકી કયુ ચિત્ર (E) પછી આવે ?



(A) (B) (C) (D) (E)



(1) (2) (3) (4) (5)

(A) ઉપરોક્ત (E) બાદ (1) પરનું ચિત્ર આવશે
(B) ઉપરોક્ત (E) બાદ (2) પરનું ચિત્ર આવશે
(C) ઉપરોક્ત (E) બાદ (3) પરનું ચિત્ર આવશે
(D) ઉપરોક્ત (E) બાદ (5) પરનું ચિત્ર આવશે

068. નીચે આપેલ (A) થી (E) પરના ચિત્રો, પ્રારંભના ચિત્ર (A) માં થતા ક્રમિક - તાર્કિક ફેરફાર દર્શાવે છે, જો તે જ ક્રમિક-તાર્કિક ફેરફારને અનુસરવામાં આવે તો (1) થી (5) પૈકી કયું ચિત્ર (E) પછી આવે ?



(A) (B) (C) (D) (E) (1) (2) (3) (4) (5)

(A) ઉપરોક્ત (E) બાદ (1) પરનું ચિત્ર આવશે
(B) ઉપરોક્ત (E) બાદ (2) પરનું ચિત્ર આવશે
(C) ઉપરોક્ત (E) બાદ (3) પરનું ચિત્ર આવશે
(D) ઉપરોક્ત (E) બાદ (5) પરનું ચિત્ર આવશે

069. નિમ્નલિખિત સમીકરણમાં * ની જગ્યાએ આપેલ વિકલ્પ પૈકી કયા વિકલ્પમાં સમાવિષ્ટ ચિન્હો મૂકી શકાય ?

25 * 2 * 6 = 4 * 11 * 0 ?

(A) ×, –, ×, +
(B) +, –, ×, +
(C) ×, +, ×, –
(D) ×, +, +, ×

070. જો 841 = 3, 633 = 5 અને 425 = 7 તો 217 = ?

(A) 6
(B) 7
(C) 8
(D) 9

071. એક વ્યક્તિના પગારમાં 40% વધારો થાય છે અને પછી 20% ઘટાડો થાય છે તો તેનો પગારકેટલા ટકા થયો ?

(A) 60%
(B) 40%
(C) 20%
(D) 12%

072. બે આંકડાની એક સંખ્યા કે જેનો સરવાળો 7 થાય છે. બંને આંકડાને અરસપરસ બદલવાથી તે અંકમાં 27 વધે છે, તો તે સંખ્યા કઈ હશે ?

(A) 35
(B) 25
(C) 52
(D) 23

073. ત્રણ બસની ઝડપ 2 : 3 : 4 ના ગુણોત્તરમાં છે. એક સરખું અંતર કાપવા માટે નીચે દર્શાવેલ વિકલ્પો પૈકી કયા ગુણોત્તર મુજબ સમય લાગશે ?

(A) 2 : 3 : 4
(B) 4 : 3 : 2
(C) 4 : 3 : 6
(D) 6 : 4 : 3

074. 30 લીટર દૂધ અને પાણીના મિશ્રણમાં દૂધ અને પાણીનું પ્રમાણ 7 : 3 છે. દૂધ અને પાણીનો રેશિયો 1 : 2 કરવા માટે કેટલું પાણી ઉમેરવું પડે ?

(A) 30
(B) 33
(C) 32
(D) 35

075. પાંચ મિત્રો એ, બી, સી, ડી અને ઈ વર્તુળમાં કેન્દ્રની સામે મોં રાખીને બેઠા છે, એ - બી અને ઈ વચ્ચે બેઠો છે. સી - ડી અને એ ની વચ્ચે બેઠો છે. ઈ ડી ની તુરત જ જમણી બાજુ બેઠો છે, તો ઈ અને સી ની વચ્ચે કોણ બેઠું છે ?

(A) ડી
(B) બી
(C) એ
(D) નક્કી ન થઈ શકે

076. ઓપ્ટિકલ ફાઈબર કયા સિદ્ધાંત પર કાર્ય કરે છે ?

(A) પ્રકાશનું આંશિક આંતરિક પરાવર્તન
(B) પ્રકાશનું પૂર્ણ આંતરિક પરાવર્તન
(C) પ્રકાશનું આંશિક બાહ્ય પરાવર્તન
(D) પ્રકાશનું પૂર્ણ બાહ્ય પરાવર્તન

077. નીચે પૈકી કઈ જોડ ખોટી છે ?

(A) રાવતભાટા - પરમાણુ ઊર્જા મથક - રાજસ્થાન
(B) કલ્પક્કમ - પરમાણુ ઊર્જા મથક - તામિલનાડુ
(C) કેગા પરમાણુ ઊર્જા મથક - કર્ણાટક
(D) કુડનકુલમ - પરમાણુ ઊર્જા મથક - કર્ણાટક

078. સૂર્યના કિરણો વડે થતી સારવારને શું કહેવાય ?

(A) હિલિયોપથી
(B) હાઈડ્રોપથી
(C) હોમિયોપથી
(D) નેચરોપથી

079. ઓલેરી કલ્ચર એટલે શું થાય ?

(A) ફળોને લાંબા સમય માટે તાજું રાખવાનું વિજ્ઞાન
(B) શાકભાજી ઉગાડવાનું વિજ્ઞાન
(C) તેલ ધરાવતા છોડમાંથી બાયો-ડિઝલ મેળવવાનું વિજ્ઞાન
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

080. સૂર્યના તાપમાનનું માપન કયા સાધનથી કરવામાં આવે છે ?

(A) નેફોમીટર
(B) હાઈડ્રોમીટર
(C) વોલ્ટમીટર
(D) પાઈરોમીટર

081. નીચે પૈકી કઈ એપ્લીકેશન ગૂગલે ચેટીંગ માટે લોન્ચ કરી છે ?

(A) Spike
(B) IMO
(C) ALLO
(D) Hike

082. ભારતમાં 'મિસાઈલ વૂમન' તરીકે કોણ ઓળખાય છે ?

(A) અંજૂ નાયક
(B) કે. થોમસ
(C) ટેસી થોમસ
(D) કે. સુધામ્બિકા

083. ઈસરોનું Liquid Propulsion System Centre ક્યાં આવેલું છે ?

(A) હૈદરાબાદ
(B) અમદાવાદ
(C) બેંગ્લોર
(D) તિરુવનંતપુરમ

084. કઈ મિસાઈલને કલામનું નામ આપવામાં આવ્યું છે ?

(A) અસ્ત્ર
(B) આકાશ
(C) ધનુષ
(D) બ્રહ્મોસ

085. 'અશ્વિન' એ શું છે ?

(A) પૃથ્વી એર ડિફેન્સ સિસ્ટમ
(B) એડવાન્સ એર ડિફેન્સ સિસ્ટમ
(C) ઈન્ટર કોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ
(D) એક ઉપગ્રહ

086. Sita Air, Buddha Air, Agni Air તથા Yeti Air એરલાઈન્સ કયાદેશની છે ?

(A) નેપાળ
(B) ભૂતાન
(C) શ્રીલંકા
(D) બ્રહ્મદેશ (મ્યાનમાર)

087. આપણા દેશના જેમ ભારત તથા India તરીકે બે નામો છે તેમ નીચે દર્શાવેલ દેશો પૈકી કયા દેશનું બીજુ નામ ખોટું છે ?

(A) વેટિકન - હોલી સી
(B) જાપાન - નિપોન
(C) તાઈવાન - સુઓમી
(D) નેધરલેન્ડ - હોલેન્ડ

088. TAPI કહેવાતી પાઈપલાઈનના પ્રોજેક્ટમાં કેટલા દેશોને નેચરલ ગેસ મળશે ?

(A) 2
(B) 3
(C) 4
(D) 5

089. સ્વદેશી રોકેટ વડે ભારતે અંતરિક્ષમાં મૂકેલા સર્વપ્રથમ સ્વદેશી ઉપગ્રહનું નામ શું ?

(A) આર્યભટ્ટ
(B) SLV3
(C) રોહિણી
(D) રોહિણી RS-1

090. સૌપ્રથમ ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ નીચેનામાંથી કોને મળેલ હતો ?

(A) શ્રી પન્નાલાલ પટેલ
(B) શ્રી ઉમાશંકર જોશી
(C) શ્રી રાજેન્દ્ર શાહ
(D) શ્રી રઘુવીર ચૌધરી

091. વર્ષ 2022 માં રાષ્ટ્રીય રમતગમતોનું આયોજન કયા રાજ્યમાં થનાર છે ?

(A) ઉત્તરાખંડ
(B) આંધ્રપ્રદેશ
(C) મેઘાલય
(D) છત્તીસગઢ

092. ભારતમાં “Good Governance Day” ક્યારે મનાવવામાં આવે છે ?

(A) 23 ડિસેમ્બર
(B) 24 ડિસેમ્બર
(C) 26 ડિસેમ્બર
(D) 25 ડિસેમ્બર

093. રણજિતરામ સુવર્ણચંદ્રક કઈ સંસ્થા દ્વારા આપવામાં આવે છે ?

(A) ગુજરાત સાહિત્ય પરિષદ
(B) ગુજરાત સાહિત્ય સભા
(C) ગુજરાત વર્નાક્યુલર સોસાયટી
(D) ગુજરાત સરકાર

094. ગુજરાતમાં ગ્રામ મિત્ર યોજના હેઠળ પસંદ કરવામાં આવતા “ગ્રામ મિત્ર”ને ઉચ્ચક કેટલું પ્રતિ માસ માનદ વેતન આપવામાં આવે છે અને દરેક ગ્રામ પંચાયતમાં કેટલા ગ્રામ મિત્રની નિમણૂક કરવામાં આવે છે ?

(A) રૂ. 1000, 5
(B) રૂ. 2000, 3
(C) રૂ. 3000, 4
(D) રૂ. 1500, 2

095. જ્યોતિગ્રામ યોજનાની બાબતમાં કયો વિકલ્પ સાચો નથી ?

(A) ગુજરાતના તમામ ગ્રામીણ વિસ્તારોમાં સીંગલ ફેઝ માટે 24 કલાક વીજળી આપવામાં આવે છે.
(B) ગુજરાતના તમામ ગ્રામીણ વિસ્તારોમાં થ્રી ફેઝ માટે 24 કલાક વીજળી આપવામાં આવે છે.
(C) આ યોજનાનો સફળતાપૂર્વક અમલ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે.
(D) બધા જ વિકલ્પો સાચા છે.

096. અમેરિકાના રાષ્ટ્રપતિશ્રી તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ કઈ તારીખે શપથ લેનાર છે ?

(A) 1 ફેબ્રુઆરી, 2017
(B) 20 જાન્યુઆરી, 2017
(C) 25 જાન્યુઆરી, 2017
(D) 31 જાન્યુઆરી, 2017

097. ગંગા નદી પર 9.8 કિ.મી.નો લાંબો પૂલ બાંધવા માટે તાજેતરમાં કોની વચ્ચે કરાર થયા ?

(A) ધી વર્લ્ડ બેંક અને ભારત સરકાર
(B) ધી ઈન્ટરનેશનલ મોનીટરી ફંડ અને ભારત સરકાર
(C) ધી એશિયન ડેવલોપમેન્ટ બેંક અને ભારત સરકાર
(D) ધી એશિયન ડેવલોપમેન્ટ બેંક અને ઉત્તરપ્રદેશ સરકાર

098. નીચેના પૈકી ભારતમાં સૌથી લાંબો એક્સપ્રેસ-વે કયો છે ?

(A) આગ્રા - લખનઉ એક્સપ્રેસ વે
(B) મુંબઈ - પૂના એક્સપ્રેસ વે
(C) હૈદરાબાદ ઓ.આર.આર.
(D) યમુના એક્સપ્રેસ વે

099. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત દેશમાં તમામ ગામડામાં ગરીબી રેખા નીચે જીવતા લોકોએ પર્યાવરણ અનૂકુળ સુરક્ષિત પાકું મકાન કઈ સાલ સુધીમાં બનાવી આપવામાં આવશે તેમ દર્શાવેલ છે ?

(A) ઈ.સ. 2020

(B) ઈ.સ. 2021

(C) ઈ.સ. 2022

(D) ઈ.સ. 2019

100. ભારતમાં ઈન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યાની બાબતમાં કયુ રાજ્ય પ્રથમ નંબર પર છે ?

(A) તમિલનાડુ

(B) મહારાષ્ટ્ર

(C) આંધ્રપ્રદેશ

(D) કર્ણાટક

**SUGGESTION OF THE CANDIDATE IN RESPECT OF THE PROVISIONAL KEY**

**NAME OF THE POST : ……………………………………………………………………………** **ADVERTISEMENT NO. : ……………………………………………..**

**DATE OF PRELIMINARY TEST : 15/01/2017** **SUBJECT : ………………………………………………………………….**

| Question No. & Question of website published Question paper | Answer as per Provisional Key (A/B/C/D) | Candidate's Suggested Answer (A/B/C/D) | Candidate's Application | | |
|---|---|---|---|---|---|
| | | | Details of Application | Resource Material (Copy to be Enclosed) | Details of the Website |
| | | | | (1) Name of The Book<br>(2) Page No.<br>(3) Name of the Author<br>(4) Name and Address of the Publisher<br>(5) Year of the Publication | Name and Link of the Website |

*Note: - Application for each question shall be made on Separate page in the above given format. All objections shall be sent upto dt.11/02/2017*

**Name of the Candidate :-**

**Roll No :-**

**Address :-**

**Signature of the Candidate**……………………………………..

# પ્રોવિઝિનલ આન્સર કી અંગે ઉમેદવારના સૂચનો

જગ્યાનું નામ : ................................................................................ જાહેરાત નં. : ................................................

પ્રાથમિક કસોટીની તારીખ : ૧૫/૦૧/૨૦૧૭ વિષય : ..........................................................................

| વેબસાઇટ પર મુકેલ પ્રશ્નપત્ર નો પ્રશ્ન ક્રમાંક અને પ્રશ્ન | પ્રોવિઝિનલ આન્સર કી મુજબ જવાબ (A/B/C/D) | ઉમેદવારનો સૂચિત જવાબ (A/B/C/D) | ઉમેદવારની રજુઆત. | | |
|---|---|---|---|---|---|
| | | | રજુઆતની વિગત. | સંદર્ભ/ માહિતી સ્ત્રોત (નકલ બિડવી.) | વેબસાઇટની વિગત |
| | | | | (૧) પુસ્તકનું નામ.<br>(૨) પાના નંબર.<br>(૩) લેખકનું નામ.<br>(૪) પ્રકાશકનું નામ./ સરનામું.<br>(૫) પ્રકાશનનું વર્ષ. | વેબસાઇટનું નામ. |

*નોંધઃ- એક પાના ઉપર એક જ પ્રશ્નની રજૂઆત લખવી, અન્ય પ્રશ્ન માટે અલગ પાન વાપરવું. તમામ સૂચનો તા.૧૧/૨/૨૦૧૭ સુધી મોકલી શકાશે.*

ઉમેદવારનું નામ :-

બેઠક નં :-

સરનામું:-

ઉમેદવારની સહી ................................................